### પેટલાદ નગરપાલિકામાં સમિતિની વહેંચણીમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે જલ્પા શાહ ‘કટ ટુ સાઈઝ’

# પેટલાદ નગરપાલિકામાં ભાજપની ચાલી ‘પાવર ગેમ’ : ૧૫ સભ્યો પદથી વંચિત

**પાલિકાના** ૨૦૦ કરોડના વહીવટ માટે અંદરોઅંદર ખેંચતાણ


તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૩

પેટલાદ પાલિકાની ચુંટણી સંપન્ન થયા બાદ પ્રમુખ - ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ચુંટણીના લગભગ બે મહિના પૂર્ણ થવાના આરે છે ત્યારે વિવિધ કમિટીઓના ચેરમેન પદ ચુંટાયેલા નગરસેવકોને આપવામાં આવ્યા હતા. અત્યાર સુધી જે સત્તાપક્ષમાં જેટલા નગરસેવકો ચુંટાઈ આવતા હતા એ તમામ માટે કમિટીઓની રચના કરવામાં આવતી હતી. પરંતુ સૌપ્રથમ વખત ચુંટાયેલા 26 નગરસેવકો પૈકી કારોબારી ચેરમેન સહિત માત્ર 9 કમિટીઓના ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

પેટલાદ પાલિકાની સામાન્ય સભા મંગળવારના રોજ સવારે ૧૧ કલાકે પાલિકાના સભાખંડમાં યોજાઈ હતી. પાલિકામાં વિવિધ કમિટીઓની રચના કરવા મળેલી આ સભામાં કારોબારી ચેરમેન પદે જય ભરતભાઈ પટેલ, (વોર્ડ નં.૩) ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય ૮ કમિટીઓની પણ રચના કરવામાં આવી હતી. જેમાં બાંધકામ - કાજલ પટેલ (વોર્ડ નં.૬ ), ટાઉન પ્લાનીંગ - જલ્પા શાહ (વોર્ડ નં.૫), વોટર વર્કસ - જયમલ પટેલ (વોર્ડ નં.૯), સ્ટ્રીટ લાઈટ - પ્રવિણ પરમાર (વોર્ડ નં.1), શાળા - ભાવિન (ભયલું) પટેલ (વોર્ડ નં.૩), ભૂગર્ભ ગટર - નરેશ રાવળ (વોર્ડ નં.૬), સેનેટરી - મનિષા ચૌહાણ (વોર્ડ નં.૨) અને યોજના - ધવન કા.પટેલ (વોર્ડ નં.૬) નો સમાવેશ થયો હતો. જ્યારે પાલિકામાં ૩૬ માંથી ભાજપના ૨૬ સભ્યો છે. જેમાં પ્રમુખ (વોર્ડ નં.૯), ઉપપ્રમુખ (વોર્ડ નં.૫) અને ૯ કમિટી સાથે કુલ ૧૨ સભ્યોને પદ પ્રાપ્ત થયા છે. જોકે, ૧૫ સભ્યો ચેરમેન પદથી વંચિત છે. પેટલાદ પાલિકાના વોર્ડ નં.૪ અને ૮ માં ભાજપનો એકપણ સભ્ય નથી, એટલે કમિટી આપવાનો સવાલ જ નથી. પરંતુ વોર્ડ નં.૭ ને એક પણ કમિટીનું નેતૃત્વ મળેલ નથી.

### શાળા કમિટી આંચકી લેવાઈ

ગત પાંચ વર્ષ દરમ્યાન પ્રથમ ટર્મમાં જીજ્ઞેશ જોષી અને બીજી ટર્મમાં જલ્પા શાહ પાસે શાળા કમિટીનું ચેરમેન પદ હતું. પરંતુ એ સમય દરમ્યાન ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હોવાથી આ વખતે પ્રથમ ટર્મથી જ શાળા કમિટી જલ્પા શાહ પાસેથી આંચકી લઈ કટ ટુ સાઈઝ કરી દેવાયા હોવાનો છુપો ગણગણાટ ચાલી રહ્યો છે. આ શાળા કમિટીના ચેરમેન પદનું સુકાન ભાવિન (ભયલું) પટેલને સોંપવામાં આવ્યુ છે.

### આણંદ જિલ્લામાં શિક્ષણનો મહાકુંભ: પ્રભારી સચિવ અવંતિકા સિંઘના હસ્તે ‘શાળા પ્રવેશોત્સવ’નો પ્રારંભ



આણંદ જિલ્લામાં મંગળવારે ‘કન્યા કેળવણી મહોત્સવ’ અને ‘શાળા પ્રવેશોત્સવ’નો અત્યંત ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો છે. જિલ્લાના પ્રભારી સચિવ અવંતિકા સિંઘની પ્રેરક ઉપસ્થિતિમાં ચિખોદરા કુમાર શાળા ખાતેથી આ શૈક્ષણિક અભિયાનનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રભારી સચિવે બાલવાટિકા, આંગણવાડી અને ધોરણ-૧માં પ્રવેશ મેળવતા ભૂલકાઓને દફતર, પાટી અને પેન જેવી શૈક્ષણિક કીટ અર્પણ કરી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છેવાડાના બાળક સુધી શિક્ષણની જ્યોત પહોંચાડવાનો અને ધોરણ ૧માં ૧૦૦ ટકા નામાંકન સુનિશ્ચિત કરવાનો છે. વધુમાં, દીકરીઓ ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે અને ડ્રોપઆઉટ રેટ શૂન્ય રહે તે માટે તેમણે શિક્ષકોને નૈતિક જવાબદારી નિભાવવા હાકલ કરી હતી. આ અવસરે નાયબ કલેક્ટર હેતલબેન ભાલીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડો. અર્ચનાબેન પ્રજાપતિ, સ્થાનિક પદાધિકારીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જિલ્લામાં પેપર લીક મુદ્દે કોંગ્રેસ દ્વારા આંદોલન કરાશે

**રાજ્યમાં** ૧૦ વર્ષમાં ૮૯ પરીક્ષાઓના પેપર ફૂટતા લાખો યુવાનોનું ભવિષ્ય જોખમાયું



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૩

ગુજરાતમાં શિક્ષણના થઈ રહેલા વ્યાપારીકરણ અને વારંવાર સામે આવતા પેપર લીક કૌભાંડો સામે કોંગ્રેસ પક્ષે ‘છાત્ર ગુંજ’ અભિયાન હેઠળ રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. નડિયાદ ખાતે ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં નેતાઓએ સરકારી તંત્રની નિષ્ફળતા અને શૈક્ષણિક અવ્યવસ્થા મુદ્દે સરકારને આડેહાથ લીધી હતી.

કોંગ્રેસ નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે, છેલ્લા ૧૦ વર્ષમાં દેશ અને રાજ્યમાં ૮૯ જેટલી પરીક્ષાઓના પેપર ફૂટ્યા છે અને ૪૮ પરીક્ષા ફરીથી લેવાની નોબત આવી છે. NEET, JEE, UPSC અને SSC જેવી પરીક્ષાઓમાં થયેલી ગેરરીતિઓએ લાખો પ્રામાણિક વિદ્યાર્થીઓના સપનાઓ રોળી નાખ્યા છે. પરીક્ષા કૌભાંડોના કારણે યુવાનો માનસિક તણાવનો ભોગ બની રહ્યા છે, જેના પરિણામે આત્મહત્યાના બનાવો પણ વધ્યા છે.

આ પ્રસંગે બિમલ શાહ, હેમાંગ રાવલ અને મહેન્દ્રસિંહ રાણા સહિતના આગેવાનોએ માંગ કરી છે કે. શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવામાં આવે અને કૌભાંડીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા દરેક જિલ્લા અને તાલુકા મથકોએ વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને ઉગ્ર વિરોધ પ્રદર્શનો યોજી સરકારની ‘શિક્ષણ વિરોધી’ નીતિઓ સામે મક્કમ લડત આપવામાં આવશે.

# કરમસદમાં બેભાન હાલતમાં મળેલા આધેડનું કરુણ મોત

**અંબા માતાના** મંદિર પાસે બેભાન મળેલા આધેડને વડોદરા ખસેડાયાં હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૩

કરમસદના અંબા માતાના મંદિર પાસેથી ગત ૧૯મી જૂનના રોજ બેભાન અવસ્થામાં મળી આવેલા એક આશરે ૪૦ વર્ષીય અજાણ્યા પુરુષનું વડોદરાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

આ બનાવની વિગત પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૧૯મી જૂન ૨૦૨૬ના રોજ સવારના સમયે કરમસદ અંબા માતાના મંદિર પાસે એક અજાણ્યો પુરુષ બેભાન હાલતમાં પડ્યો હોવાની જાણ થઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આ આધેડને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ વ્યક્તિને જમણા હાથની કોણી પર ઈજાના નિશાન હતા અને તેને ખેંચ (આંચકી) આવતી હતી.

વધુ ગંભીર હાલત જણાતા આધેડને વડોદરાની એસએસજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રણ દિવસની ટૂંકી સારવાર બાદ ૨૨મી જૂન ૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે હોસ્પિટલના સી.એમ.ઓ. ડો. હેમાંગી પરમારે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. હાલમાં પોલીસે આ મામલે કાર્યવાહી કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### ખોટી નંબર પ્લેટ અને ચેસીસ નંબર સાથેની બસો પધરાવી દીધી

# વાત્સલ્ય સ્કૂલને બસ વેચવાના બહાને ૩૧ લાખનું કૌભાંડ આચર્યું

**મુંબઈના** ત્રણ શખ્સો સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

બોરસદ શહેરની જાણીતી વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કૂલ માટે વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા માટે બસો ખરીદવાના સોદામાં રૂ. ૩૧ લાખની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. મુંબઈની એક ટોળકીએ સ્કૂલના કેમ્પસ મેનેજરને વિશ્વાસમાં લઈ, બસ બતાવી કંઈક અલગ અને વાસ્તવમાં ખોટા નંબર પ્લેટવાળી બસ પધરાવી દઈ આર્થિક ગુનો આચર્યો છે. આ અંગે બોરસદ સીટી પોલીસ મથકે ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદની વિગતો મુજબ, વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કૂલના કેમ્પસ મેનેજર વિશાલકુમાર મનસુખભાઈ દોંગાએ શાળાના બાળકો માટે બસોની જરૂરિયાત હોવાથી મુંબઈ ખાતે સંપર્ક કર્યો હતો. મુંબઈના કોપર ખૈરણે વિસ્તારમાં રહેતા મોહંમદ સાદ આફાક ખાન, અબ્દુલ ખાન બારી મલિક અને દિલીપ દત્તા નામના શખ્સોએ મેળાપીપણું કરી વિશાલકુમારને બે બસો બતાવી હતી. આ બસોનો સોદો રૂ. ૩૧ લાખમાં નક્કી કરવામાં આવ્યો હતો, જેની પૂરેપૂરી રકમ શાળાના બેંક ખાતામાંથી ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવી હતી.

આ રકમ ચૂકવ્યા બાદ જ્યારે બસ બોરસદ પહોંચી, ત્યારે તેની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બસ પર જે નંબર પ્લેટ લગાવેલી હતી તે બસના એન્જિન અને ચેસીસ નંબર સાથે મેચ થતી ન હતી. ગઠિયાઓએ વિશ્વાસઘાત કરી, ખોટા દસ્તાવેજો અને નોટરાઈઝ્ડ લખાણ બનાવી આપીને સ્કૂલ મેનેજમેન્ટને છેતર્યું હતું. આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં યોગ્ય બસ ન આપતા કે નાણાં પરત ન કરતા અંતે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. આ મામલે બોરસદ શહેર પોલીસે મોહંમદસાદ આફાક ખાન, અબ્દુલખાન બારી મલિક, દિલીપ દત્તા (રહે. તમામ મુંબઈ) સામે ગુનો નોંધી ત્રણેયને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### નડિયાદના વિશ્વપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ



ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ સંતરામ મંદિર ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે ભવ્ય યોગાભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતરામ મંદિરના પરમ પૂજ્ય મહંત રામદાસજી મહારાજની આજ્ઞા અને માર્ગદર્શન હેઠળ ‘સુયોગમ યોગ કેન્દ્ર’ દ્વારા આ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યોગાચાર્ય ચાંદની પંકેશ દવેના નેતૃત્વમાં વિવિધ યોગાસનો અને પ્રાણાયામના અભ્યાસ કરાવવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, પરમ મહંત રામદાસજી મહારાજ સહિત અન્ય સંતો પણ પોતે આ યોગાભ્યાસમાં જોડાયા હતા. કાર્યક્રમમાં સંતરામ મંદિરના સંતો, સુયોગમ યોગ કેન્દ્રના યોગ અભ્યાસુઓ અને નડિયાદના પ્રબુદ્ધ નાગરિકોએ મોટી સંખ્યામાં જોડાઈને સ્વાસ્થ્યનો સંદેશ વહેતો કર્યો હતો. તસવીર : જશવંતસિંહ રાઠોડ

### પુરાતત્વ વિભાગ દ્વારા એક વર્ષના સમયગાળામાં સ્તંભને પુનઃ સ્થાપિત કરાશે

# કપડવંજની શાન એવા ઐતિહાસિક કીર્તિ સ્તંભનો જીર્ણોદ્ધાર કરાશે

**નગરપાલિકા** દ્વારા કરાયેલું ગેરકાયદે દબાણ પણ દૂર કરવામાં આવશે


તસવીરઃ હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૩

કપડવંજની આન, બાન અને શાન સમાન તેમજ સિદ્ધરાજ જયસિંહના સમયના ઐતિહાસિક વારસા એવા ‘કીર્તિ સ્તંભ’ને તેના મૂળ વૈભવમાં પુનઃ સ્થાપિત કરવા માટે પુરાતત્વ વિભાગ હરકતમાં આવ્યું છે. સને ૧૦૯૯થી ૧૧૪૨ના સમયગાળાનો આ ઐતિહાસિક સ્તંભ જર્જરિત થઈ જતાં તેના જીર્ણોદ્ધાર માટે વિભાગના ડાયરેક્ટરની આગેવાની હેઠળની ટીમે સ્થળ નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ આપી છે. આ સમગ્ર કામગીરી અંદાજે એક વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ અંગે પુરાતત્વ વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને સમારકામની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. આ ઐતિહાસિક સ્તંભ અને કુંડવાવના વિશાળ પથ્થરો પર બારીક કોતરણીકામ કરવા માટે સ્પેશિયલ કારીગરોની નિમણૂક કરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન નડતરરૂપ બનતા એક પીપળાના વૃક્ષને પણ ધાર્મિક પૂજા-વિધિ બાદ સન્માનપૂર્વક અન્ય જગ્યાએ ખસેડવામાં આવશે.

આશ્ચર્યજનક રીતે, પુરાતત્વ વિભાગની હદમાં કપડવંજ નગરપાલિકા દ્વારા જ શૌચાલયનું ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું. આ બાબત સ્થાનિક નાગરિકોમાં ચર્ચાનો વિષય બની છે. જોકે, પુરાતત્વ વિભાગની સૂચના બાદ નગરપાલિકાએ આ ગેરકાયદે દબાણ વહેલી તકે દૂર કરવાની બાંહેધરી આપી છે.

કીર્તિ સ્તંભની સાથે-સાથે વિશ્વપ્રસિદ્ધ ‘બત્રીસ કોઠાની વાવ’ અને ‘કુંડવાવ’નું પણ જરૂરી સમારકામ અને સુશોભિકરણ કરવામાં આવશે. આ સ્થળો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને તે દિશામાં પણ પુરાતત્વ વિભાગ કાર્ય કરી રહ્યું છે.

### વડતાલધામમાં હરિજયંતિના પર્વે 300 કિલો કચ્છી ખારેકનો ભવ્ય અન્નકૂટ ધરાવાયો



સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલધામમાં મંગળવારે હરિજયંતિના પવિત્ર અવસરે ભગવાનને 300 કિલો કચ્છી ખારેકનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કચ્છ નારાયણપરના ધનજીભાઈ કરસનભાઈ વરસાણી યજમાન પદે રહ્યા હતા. શાસ્ત્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી (કોડાય ગુરુકુળ) તથા શાસ્ત્રી હરિઓમ પ્રકાશદાસજી સ્વામી (પાઠશાળા વડતાલ ધામ)ની પ્રેરણાથી નિજ મંદિરમાં આ વિશેષ આયોજન કરાયું હતું. આ સમગ્ર ઉત્સવનું આયોજન ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી તથા મુખ્ય કોઠારી દેવપ્રકાશ દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જ્યારે સંચાલન ગુણસાગર સ્વામી અને હીરા ભગતે સંભાળ્યું હતું.

# ઉમરેઠમાં ભાડે રાખવાના બહાને ખેડૂત સાથે ૬.૩૦ લાખની ઠગાઈ

**વાહનોનું ભાડું ન** ચૂકવ્યું અને ટ્રેક્ટર-ટ્રોલી પણ સગેવગે કરી દીધા

(પ્રતિનિધિ) આણંદ, તા. ૨૩

ઉમરેઠ તાલુકાના લાલપુરા ગામના એક વૃદ્ધ ખેડૂત સાથે ટ્રેક્ટર અને ટ્રોલી ભાડે રાખવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ખેડૂત પાસેથી વિશ્વાસમાં લઈ વાહનો ભાડે મેળવ્યા બાદ તેનું ભાડું ન ચૂકવી તેમજ વાહનો પરત ન કરી કુલ રૂપિયા ૬,૩૦,૦૦૦નો વિશ્વાસઘાત કરવા બદલ પોલીસે બે શખ્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ઉમરેઠના લાલપુરા ચેકપોસ્ટ પાસે રહેતા ૬૦ વર્ષીય ખેડૂત સાલમભાઈ પરમારે ફરિયાદમાં જણાવ્યા મુજબ, ઠાસરા તાલુકાના સોમસિંહ ઉર્ફે સોમાભાઈ મંગળસિંહ ચાવડા અને ઉમરેઠના ધુળેટા ગામના ઈમરાનખાન મુસ્તફાખાન પઠાણ નામના બે શખ્સોએ ખેડૂત સાલમભાઈનો સંપર્ક કર્યો હતો. આ બંને શખ્સોએ પોતે વાહનો ભાડે અપાવવાની દલાલીનું કામ કરતા હોવાનું જણાવી સલામભાઈનું ટ્રેક્ટર અને ટ્રોલી માસિક કુલ ૩૬,૦૦૦ ના ભાડે રાખ્યા હતા.

અલબત્ત, આ બન્ને ગઠિયાએ ખેડૂતનો વિશ્વાસ જીતીને જાન્યુઆરી ૨૦૨૬ માં આ વાહનો ભાડે લીધા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં નક્કી કર્યા મુજબનું ભાડું ખેડૂતને ચૂકવવામાં આવ્યું ન હતું. જ્યારે ખેડૂતે પોતાના વાહનો અને બાકી રહેલા ભાડાના પૈસાની ઉઘરાણી કરી, ત્યારે આરોપીઓએ વારંવાર વાયદાઓ કરીને સમય પસાર કર્યો હતો. અંતે ખેડૂતને શંકા જતા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બન્ને ગઠિયાએ તેમના ટ્રેક્ટર અને ટ્રોલી કોઈને વેચી દઈ અથવા અન્ય રીતે સગેવગે કરી દીધા છે. આમ, અંદાજે ૪,૫૦,૦૦૦ની કિંમતનું ટ્રેક્ટર, ૩૦,૦૦૦ની ટ્રોલી અને બાકી ભાડાની રકમ ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬,૩૦,૦૦૦ની છેતરપિંડી આચરવામાં આવી છે. ઉમરેઠ પોલીસે સાલમભાઈ પરમારની ફરિયાદના આધારે સોમસિંહ ચાવડા અને ઈમરાન પઠાણ સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ઠાસરામાં બેંકનો ચેક રિટર્ન થતા એક વર્ષની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૩

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લિ.ની નેશ શાખાના એક બાકીદાર સામેના ચેક રિટર્ન કેસમાં અદાલતે કડક વલણ અપનાવી ૧૨ માસની સાદી કેદની સજા ફટકારી છે. આ ચુકાદાથી ચેક રિટર્ન થવાના કિસ્સાઓમાં બેદરકારી દાખવનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ઠાસરા તાલુકાના રાણીયા ગામના રહેવાસી પ્રભાતસિંહ સામંતસિંહ પરમારે કેડીસીસી બેંકની નેશ શાખામાંથી ધિરાણ લીધું હતું. આ ધિરાણની રકમની પરત ચુકવણી માટે તેમણે બેંકને રૂ. ૩,૩૯,૨૩૯/- નો ચેક લખી આપ્યો હતો. જોકે, આ ચેક બેંકમાં જમા કરાવતા તે રિટર્ન થયો હતો, જેના પગલે બેંક દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

નડિયાદના સેકન્ડ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.ડી. ત્રિવેદીની અદાલતમાં આ કેસ (નં. ૩૮૩/૨૦૨૪) ચાલતા, બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને લેવામાં આવ્યા હતા. અદાલતે આરોપી પ્રભાતસિંહ પરમારને તકસીરવાર ઠરાવી ૧૨ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

વધુમાં, કોર્ટે આદેશ આપ્યો છે કે, આરોપીએ ચેકની મૂળ રકમ પર ૧૦ ટકા વધારા સાથે કુલ રૂ. ૩,૭૩,૧૬૨ ત્રીસ દિવસની અંદર બેંકમાં જમા કરાવવાના રહેશે. જો આ દંડની રકમ નિયત સમયમાં ભરવામાં નહીં આવે, તો આરોપીએ વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી પડશે.

# આણંદના શાસ્ત્રી બાગ રોડ પર વિશાળ પીપળાનું ઝાડ ધરાશાયી

**વહેલી સવારે** સર્જાયેલી દુર્ઘટનામાં કોઈ જાનહાનિ નહીં



(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

આણંદ શહેરના શાસ્ત્રી બાગ પાસે વહેલી સવારે કોર્નર રોડ પર વિશાળ પીપડાનું ઝાડ ધરાશાયી થયું હતું. આ અંગે જાણ થતાં કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પીપળાના ઝાડને હટાવીને રસ્તો ખુલ્લો કર્યો હતો.

કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કન્ટ્રોલ રૂમમાં ૨૩મી જૂન, ૨૦૨૬ ના રોજ વહેલી સવારે કોલ મળ્યો હતો કે, શાસ્ત્રી બાગ કોર્નર રોડ પર એક પીપળાનું ઝાડ પડી ગયું છે, જેના કારણે રસ્તો અવરોધાયો છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ તાત્કાલિક એક ટીમ રવાના કરવામાં આવી હતી. જેમાં લીડિંગ ફાયરમેન સહદેવસિંહ રાઠોડની આગેવાની હેઠળ ફાયર ડ્રાઈવર હિતેન ઠાકોર, ફાયરમેન પ્રવિણ પરમાર, અરબાઝ, પરિમલ અને ૪ ટ્રેઈની સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે આધુનિક સાધનો વડે ઝાડને કાપવાની કામગીરી શરૂ કરી હતી. બાદ જેસીબી મશીન બોલાવીને કાપેલા લાકડાના ટુકડાઓને રસ્તાની એક બાજુ ખસેડવામાં આવ્યા હતા. ફાયર ટીમની જહેમત બાદ રસ્તો ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો કરાયો હતો. જોકે, વહેલી સવારનો સમય હોવાથી દુર્ઘટના ટળી હતી અને કોઈને પણ ઈજા કે જાનહાનિ થઈ ન હતી.